

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

### આજનું પંચાંગ

ઉદિત તિથિ : કૃષ્ણ પક્ષ દશમી, સાંજે ૪ વાગીને ૩૮ મિનિટથી કૃષ્ણ પક્ષ એકાદશી
વાર : સોમ
નક્ષત્ર : આશ્લેષા
કરણ : વિષ્ટિ સાંજે ૪ વાગીને ૩૮ મિનિટ સુધી, ત્યાર બાદ બવ
યોગ : સાધ્ય રાત્રે ૮ વાગીને ૩૮ મિનિટ સુધી, ત્યાર બાદ શુભ
આજે જન્મેલા બાળકોની રાશિ : કર્ક
રાશિના અક્ષરો : ડ અને હ

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : ઘર પરિવાર અને કુટુંબના સભ્યો અંગે વિચારો વધુ આવે. લાગણીશીલ બનો. ગુસ્સો કાબુ કરવાનો પ્રયાસ કરશો. આર્થિક નિર્ણયો લેવા પડશે. કોઈના દોરવાયા દોરવાઈ ન જવું અને દરેક બાબતે સંયમ રાખવો.

વૃષભ : ટૂંકી મુસાફરી કરવાની થાય અથવા શહેરમાં જ, દૂર જવાનું થાય. અવનવા વિચારો આવે. જે બાબતો અવ્યવહારિક લાગે તે દિશામાં વિચારો નહીં કરો. પાડોશીઓ સાથેના સંબંધ સુધરે. ભાઈ બહેનો સાથે સંપર્ક થાય.

મિથુન : મન વિવિધ વિષયો અંગે વિચાર્યા કરે. વધારે પૈસા કેમ કમાઈ શકાય તે અંગે આપ વિચારો. બીજા લોકોને મદદ કરવાનું મન થાય. કામકાજમાં ચિત્ત ચોંટે નહીં. કામ ભારરૂપ લાગ્યા કરે. મન શાંત રાખીને કામ કરવું.

કર્ક : દિમાગની બદલે દિલથી નિર્ણયો લેવા પ્રેરાશો. રચનાત્મક કર્યો (ક્રિએટિવ વર્ક) સારું કરી શકશો. સ્ત્રીઓ માટે લાગણીપ્રધાન દિવસ. બીજા લોકો પાસેથી અપેક્ષા વધુ રહેશે. યાદ રાખવું 'અપેક્ષા દુ:ખની માતા છે'

સિંહ : વિખવાદ ટાળવા માટે બીજાઓના દ્રષ્ટિકોણથી વિચારવા પ્રયત્ન કરો. નાણાંકીય વ્યય થવાની પૂરી શક્યતા. નવી ખરીદી કરવાની ઈચ્છા થાય. બીજાઓ પ્રત્યે વેરભાવ રાખવાથી દુ:ખી થવાશે. ધંધામાં આવક કરતાં જાવક વધુ રહેશે.

કન્યા : અપેક્ષા ન હોય ત્યાંથી અથવા તે વ્યક્તિથી લાભ થાય. નવું જાણવા અને શીખવા મળે. બીજાઓની આલોચના કરવાની બદલે વખાણ કરશો તો સંબંધો વધુ ગહેરા બનશે. જવાબદારીથી ભાગશો નહીં. ઉઘરાણી કરવા માટે શ્રેષ્ઠ દિવસ.

તુલા : નોકરી ધંધામાં પ્રગતિ થાય. નોકરિયાતોને બૉસ સાથેના સંબંધો સુધારવાની તક મળે. ધંધામાં નવા ઑર્ડર મળી શકે. બીજા લોકોની સાથે રહેવું ગમે અને તેમની કંપનીમાં મજા આવવાથી મૂડ સારો રહે.

વૃશ્ચિક : દૂર વસતાં મિત્રો કે પરિચિતો સાથે વાતચીત થાય. ભાગ્ય તમારી તરફેણમાં છે તેથી આજનો દિવસ નવાં કામો કરવા માટે સારો ગણાય. નવા પ્રોજેક્ટ્સ શરુ કરી શકાય. મુસાફરીનું આયોજન પણ કરાય.

ધન : બીજા લોકો આપનો લાભ લઈ જાય. વખાણથી દોરવાઈ ન જવું. નાની નાની બાબતે સ્ટ્રેસ રહયા કરે પણ રેસ્ટલેસ કે ઉદ્વિગ્ન થયા વગર દિવસ પસાર કરો. આજનો દિવસ લેખન, વાંચન, મનન અને ચિંતન માટે ઉત્તમ છે.

મકર : આજે આપણું જાહેર જીવન વધુ ઉજાગર થાય. બીજા લોકો આપને મહત્વ આપે. વ્યવસાયિક ગણતરીઓ સાચી ઠરે. આજના દિવસે જે કામો કરશો તેની અસર લાંબા સમય સુધી રહેશે તેથી સમજી વિચારીને નિર્ણયો લેવા અને વાયદા કરવા.

કુંભ : આજે શ્રમ વધારે પડશે. બીજા લોકોની જવાબદારીઓ આપને લેવી પડશે, જે થોડું કઠશે. આપની પીડા સમજનાર વ્યક્તિની જરૂરિયાત વર્તાશે. સંપર્કોથી લાભ થશે. વધુ પડતું વિચારશો નહીં, આજ કરતાં આવતીકાલ વધુ સારી હશે.

મીન : પ્રેમ પ્રસંગોમાં સફળતા મળી શકે. અન્ય લોકો આપની તરફ આકર્ષાય, જેનાથી આત્મવિશ્વાસમાં વધારો થાય. સારાં કપડાં પહેરવાની ઈચ્છા થાય, સારા દેખાવાની ઈચ્છા થાય. કોઈ વખાણ કરે તો ગમે. કામમાં મન લાગશે નહીં, ચિત્ત અન્ય વિચારોમાં રહેશે.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૮૧ કેસ

## કોરોનાને લીધે ૯નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૩૨૩૧૦ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૬૯ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૫૭૧૭

ગાંધીનગર,તા.૧૦
રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અક્સીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૧૮૧ દર્દીઓ નોંધાયા હતા.

તો બીજી તરફ રાજ્યમાં ૧૪૧૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૨,૩૧૦ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧,૨૫૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૮૮.૪૬ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૦,૧૨,૭૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૧૮૧ કેસ નોંધાયા છે. જ્યારે ૧૪૧૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૨,૩૧૦ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૭.૨૮% ટકા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૯૨,૯૪૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૯૨,૫૪૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૪૦૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૭.૨૮ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૫૭૧૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૬ છે. જ્યારે ૧૫૬૩૧ લોકો સ્ટેબલ છે. ૧૩૨૩૧૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૫૬૯ લોકોનાં મોત નિપજ્યા છે.

આજે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશન ૨, અમદાવાદ ૧, રાજકોટ કોર્પોરેશન ૧, સુરત ૧ અને વડોદરા કોર્પોરેશનનાં ૧ સહિત ગુજરાતમાં કુલ ૦૯ કોરોના દર્દીઓનાં મોત નિપજ્યાં છે.

## પાલનપુરમાં ફી મુદ્દે વાલીઓ સાથે સ્વસ્તિક હાઈસ્કૂલમાં બેઠક યોજાઈ

### સરકારે કરેલી ફી માફી કરતા પણ વધુ ફી માફી આપવાની પ્રમુખે વાલીઓને ખાત્રી આપી : સંસ્થા દ્વારા ફી માટે પઠાણી ઉઘરાણી ન કરવામાં આવી હોવાના રેકોડીંગ હોવાનું સંસ્થાએ જણાવ્યું

પાલનપુર
કોરોના વાયરસની મહામારી સમય દરમિયાન શાળા દ્વારા વાલીઓને ફી ભરવાનો મેસેજ કરવામાં આવતા વાલીઓ અકળાઈ ઉઠ્યા હતા.અને સંસ્થાના પ્રિન્સિપાલ સહીત જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.જેના પગલે વિરોધ કરનાર વાલીઓ સાથે સ્વસ્તિક હાઈસ્કૂલમાં બેઠક કરી હતી.અને વાલીઓ દ્વારા સંસ્થા વિરૂધ્ધ કરેલ આક્ષેપો નકારી સરકાર દ્વારા ફી માફી આપવામાં આવી છે.તેના કરતા પણ વધુ ફી માફ કરવાની મંડળના પ્રમુખે ખાત્રી આપી હતી.



દેશ ભરમાં કોરોના વાયસરની મહામારી ચાલી રહી છે.તેવા સમયમાં સરકાર દ્વારા લોકડાઉન આપવામાં આવ્યુ હતુ.જેથી ધંધા રોજગાર પડી ભાગ્યા છે.જેથી લોકોને પોતાનું ઘર ચલાવવુ પણ મુશ્કેલ બન્યુ હતુ.તેવા સમયમાં પાલનપુરની સ્વસ્તિક હાઈસ્કુલ સહીતની શાળાઓ દ્વારા વાલીઓને ફી ભરવા માટે જાણ કરવામાં આવી હતી.જેથી પાલનપુર સ્વસ્તિક હાઈસ્કૂલના વાલીઓ ફી ભરવાનો મેસેજ જોઈ અકળાઈ ઉઠ્યા હતા.અને ફી ભરવાના મુદ્દે વિરોધ નોંધાવી સંસ્થાના પ્રિન્સિપાલને રજુઆત કરવામાં આવી હતી. પરંતુ યોગ્ય ઉત્તર ન મળતા વાલીઓ દ્વારા જિલ્લા કલેકટર અને શિક્ષણાધિકારીને રજુઆત કરવામાં આવી હતી. તેવા સમયમાં સરકાર દ્વારા ૨૫ ટકા ફી માફી આપવાની જાહેરાત કરી તેનો પણ વાલીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.જેના પગલે પાલનપુર સ્વસ્તિક હાઈસ્કૂલના મંડળ દ્વારા આજરોજ ફી ભરવાનો વિરોધ કરનાર વાલીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.જેમાં વાલીઓ દ્વારા સંસ્થા વિરૂધ્ધ શિક્ષણના મુદ્દે કરેલા આક્ષેપોને સંસ્થા દ્વારા પાયા વિહોણા ગણાવ્યા હતા. આ અંગે સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે પાલનપુરની સ્વસ્તિક હાઈસ્કુલમાં ઓછી ફી માં ગુણવત્તા સભર શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે. તેમજ વાલીઓ દ્વારા ફી મુદ્દે મંડળને કોઈ રજુઆત કર્યા સિવાય ખોટો વિરોધ કરી સંસ્થાનું નામ ખરાબ કરવામાં આવ્યુ હતુ.અને વાલીઓ દ્વારા કરેલા તમામ આક્ષેપો પાયા વિહોણા છે.કોઈ વાલી પાસે ફી માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવી

નથી તેનું અમારી પાસે રેકોડીંગ છે. કોરોનાની મહામારીને ધ્યાને લઈ સરકાર દ્વારા ૨૫ ટકા ફી માફી આપવાની જાહેરાત કરવામાં આવી છે.પરંતુ અમારી સંસ્થા દ્વારા વાલીઓને ૨૫ ટકા કરતા પણ વધુ ફી માફ કરવામાં આવશે. આ બેઠકમાં સંસ્થાના મંડળ દ્વારા ૨૫ ટકાથી પણ વધુ ફી ની માફી આપવાનું જણાવતા વાલીઓએ રાહત અનુભવી હતી.

## અરવલ્લીમાં બે હીટ એન્ડ રનની ઘટનામાં બે આશાસ્પદ યુવકોએ જીવ ગુમાવ્યો

### મરડીયા નજીક ટ્રકે યુવકને અડફેટે લેતા મોત, હાઈવે પર ચક્કાજામ





અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી વાહનચાલકો બેફામ વાહન હંકારતા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતા જીવ ગુમાવવો પડી રહ્યો છે. મોડાસા-શામળાજી રોડ પર મરડીયા પાટિયા નજીક પસાર થતા સુરપુર ગામના યુવકને ટ્રક-કન્ટેનર ચાલકે અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતાં સ્થાનિક લોકો ભારે આક્રોશ સાથે હાઈવે પર ઉતરી ચક્કાજામ કરતા વાહનોની કતાર લાગી હતી. લોકોએ ચક્કાજામ કરતા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સ્થાનિકોને સમજાવી ચક્કાજામ દૂર કરી વાહનવ્યવહાર પૂર્વરત કરાવી અકસ્માત સર્જી ફરાર ટ્રકને ટોલટેક્ષ નજીકથી ઝડપી લીધો હતો, અન્ય એક બનાવમાં સાઠંબા-ગાબટ રોડ પર બાઈકને ટ્રેક્ટરે ટક્કર મારતા ટોટુ ગામના બાઈક સવાર ૩૧ વર્ષીય યુવકનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.

મોડાસા-શામળાજી રોડ પર આવેલા મરડીયા પાટિયા નજીકથી રવિવારે સવારે પસાર થતા સુરપુર ગામના ૧૮ વર્ષીય આકાશ હિંમતસિંહ મકવાણા રોડ નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શામળાજી તરફથી પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે ધડાકાભેર ટક્કર મારી નાસી છૂટ્યો હતો ટ્રકની અડફેટે યુવકનું ઘટનાસ્થળે મોત નિપજતા ઘર નજીક જ યુવકનું અકસ્માતમાં પ્રાણપંખેરું ઉડી જતા પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મરડીયા પાટિયાથી સુરપુર રોડ પર બેફામ ગતિએ પસાર થતા વાહનચાલકોની પગલે છાસવારે અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતો હોવાથી લોકો રોષ સાથે બંમ્પ અને સર્કલ બનાવવાની માંગ સાથે રોડ પર ઉતરી આવી હાઈવે બ્લોક કરતા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી. તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી લોકોને સમજાવી હાઈવે પર કરેલ ચક્કાજામ દૂર કરી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અકસ્માતની ઘટનાના પગલે પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

અન્ય એક અકસ્માતમાં બાયડ તાલુકાના સાઠંબા-ગાબટ રોડ પર આવેલી વૃંદાવન ક્વોરી જવાના માર્ગ પરથી પસાર થઈ રહેલ બાઈકને ટ્રેક્ટરે અડફેટે લેતા બાઈક રોડ પર પટકાઈ જતા બાઈક સવાર કાળુસિંહ કાનસિંહ પરમાર (ઉ.વર્ષ.-૩૧)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈકચાલક રણજીત ભલાભાઈ પરમારના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બાઈક ચાલક યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. અકસ્માત સર્જી ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ પોલીસને થતા અકસ્માત સ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રેક્ટર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## પાલનપુરમાં ગાંધી જયંતિ પર્વે દિવ્યાંગ બાળકોને માસ્ક, સેનેટાઈઝરનું વિતરણ કરાયુ



રાષ્ટ્રપિતા પુ.ગાંધીબાપુની જન્મજયંતિ પર્વે પાલનપુર ઢાળવાસ વિસ્તારમાં આવેલ ડો. શંકરભાઈ મેવાડા લાયન્સ દિવ્યાંગ એજ્યુકેશન એન્ડ ટ્રેનીંગ સેન્ટર ખાતે શ્રીમતી લીલાબેન ઈશ્વરલાલ શાહ સાર્વજનિક પુસ્તકાલય, ઠક્કરબાપા છાત્રાલય ગોબરીરોડ પાલનપુરના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને માસ્ક, સેનેટાઈઝર અને ચોકલેટો આપી અનોખી રીતે લાયન્સ કલબ ઓફ પાલનપુરના સહયોગ સાથે સેવાભાવીઓ દ્વારા પુજ્ય બાપુને અનોખી અંજલી અપાઈ હતી. આ સેન્ટરમાં રહેતા વિદ્યાર્થી, વિદ્યાર્થિનિ ઓને કોરોના મહામારીથી બચવા અમોઘ શસ્ત્રો સમાન માસ્ક, સેનેટાઈઝરનું વિતરણ કરી ચોકલેટો આપવામાં આવી હતી. મા અંબા મહિલા સેવા ટ્રસ્ટના પ્રમુખ એડવોકેટ નીતાબેન હિતેષભાઈ પ્રજાપતિ તરફથી આ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એડવોકેટ દિપકભાઈ શાહ, લાયન્સ કલબ પ્રમુખ મુળચંદભાઈ ખત્રી, વાસુદેવભાઈ મોદી, વનરાજ ચાવડા, રજનીકાંત ચૌહાણ સાથે હિતેષભાઈ કાંતીલાલ પ્રજાપતિ સૌ સભ્યોએ ઉપસ્થિત રહી ગાંધી જયંતિ પર્વે કોરોનાથી બચવા લોકોને જાગૃત કર્યા હતા.

## ડીસાના સોડાપુર કેનાલ પરથી વિદેશી દારૂ ભરેલી ઈકો ગાડી ઝડપાઈ

### એલસીબી પોલીસે ૨.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરીયાદ નોધાવી

ડીસા, તા. ૧૧
ડીસા તાલુકાના સોડાપુર નજીકથી પસાર થતી કેનાલ પર શંકાસ્પદ હાલતમાં ઈકો ગાડી ઉભી હતી. આથી પોલીસે તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચના માણસો શનિવારે બપોરે દાતીવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પાથાવાડા તરફ પેટ્રોલીગમાં જઈ રહ્યાં હતાં. જે દરમ્યાન સોડાપુર કેનાલ પર જીજે.૦૨એક્ષએક્ષ.૯૨૪૬ નંબરની શંકાસ્પદ હાલતમાં ઈકો ગાડી નજરે પડી હતી. આથી પોલીસે ગાડી નજીક જઈ તપાસ કરતાં વચ્ચેના ભાગે પડેલ કાળુ કવર ઉઠાવી તપાસ કરતાં ગુપ્ત ખાનામાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી એલસીબી પોલીસે રૂપિયા ૪૫,૪૯૦ની કિંમતની ૧૪૩ બોટલ વિદેશી દારૂ તેમજ રૂપિયા બે લાખની કિમતની ઈકો ગાડી મળી કુલ રૂપિયા ૨,૪૫,૪૯૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ઈકો ગાડીના ચાલક સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એ.આર. ચૌધરી ચલાવી રહ્યા છે.

### વધુ ૧૭ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૨ વર્ષીય ખેડૂત, ૩૮ વર્ષીય વેપારી અને ૨૨ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા અર્બનમાંથી પણ ૨૫ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦૫૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૬૪ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ દર્દીઓ જે રીતે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે તેને લઈ તંત્રની કામગીરીનું ભારણ પણ વધી ગયુ છે.

### કોરોનાથી સંક્રમિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૭ માં કેસોની સંખ્યા વધી જતાં તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સેક્ટરમાં સર્વેલન્સને વધુ સઘન બનાવવા માટે અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન તેમજ કન્ટેનમેન્ટ ઝોનના પાલન માટે કડક સૂચનાઓ જારી કરી છે.

સેક્ટર-૪ માં પણ જે રીતે કેસો નોંધાઈ રહ્યા હતા તેથી તંત્ર ચિંતીત હતુ પણ આજે એક જ દિવસમાં ૪ કેસ નોંધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે સે. ૪ માં પણ એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે.

સે. ૪ માંથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. ૬૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૪ માંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો છે તેથી તંત્રને થોડીક રાહત છે. તંત્રએ આજે પણ પોતાની અપીલ દોહરાવી જણાવ્યુ છે કે મોટીવયના લોકો અને બાળકો અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળે. સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવામાં આવે તેમજ સંક્રમિત વ્યક્તીઓ પણ આ પાલન થાય તેની કાળજી રાખે તે અત્યંત જરૂરી છે.

### ઉઘરાણી શરૂ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફીની ચુકવણીના જુગાડમાં વ્યસ્ત બન્યા છે. કોરોનાની મહામારીના લીધે દેશ આર્થિક મંદીના ભરડામાં છે. શિક્ષણ પર પણ આ સ્થિતિની વિપરિત અસર પડી છે. આવા સંજોગોમાં ખાનગી શાળાઓને પણ ફી સ્વરૂપે થતી આવક પણ અટકી ગઈ હતી ત્યારે સરકારના આ નિર્ણય બાદ શાળાઓ ફી ઉઘરાણીના મુદ્દે એકટીવ મોડમાં આવી ગઈ છે. જયારે ફી ન ભરવામાં વિલંબ કે ચુક થશે તો વિદ્યાર્થીઓને પ્રવેશ રદ થશે તેવી ચિમકી પણ શાળા સંચાલકો વાલીઓને આપી રહ્યા હોવાના મુદ્દે આક્રોશ પ્રવર્તયો છે.

### ચીનની મદદથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દૂર કરવાનો નિર્ણય ક્યારેય સ્વીકારી શકાય નહીં. ચીનની તરફેણ કરવાના સવાલ પર ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, મેં ક્યારેય ચીનના રાષ્ટ્રપતિને ભારત નહીં બોલાવ્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેઓને ભારત આવવાનું આમંત્રણ આપતા વ્યક્તિ હતા. તે ચીની રાષ્ટ્રપતિને પારણા કરતો હતો અને તેને ખવડાવવા ચેન્નાઈ લઈ ગયો હતો. ફારૂકે એમ પણ કહ્યું હતું કે સાંસદ હોવા છતા તેમને સંસદના સત્ર દરમિયાન જમ્મુ-કાશ્મીરની સમસ્યાઓ પર બોલવાની તક આપવામાં આવી ન હતી.

કૃપા કરી કહો કે ફારૂક અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના ટોચના રાજકારણીઓમાંના એક હતા, જેમને કલમ ૦ ૩૭૦ ના અંત પછી તરત જ પ્રતિબંધો હેઠળ મૂકવામાં આવ્યા હતા. કલમ ૦ ૩૭૦ ના અંત પછી ફારૂક અબ્દુલ્લા, તેના પુત્ર અને ભૂતપૂર્વ સીએમ ઓમર અબ્દુલ્લા, ભૂતપૂર્વ સીએમ મહેબૂબા મુફતી સહિતના તમામ રાજનેતાઓને અટકાયતમાં કે અટકાયતમાં રાખવામાં આવ્યા છે. ફારૂક અબ્દુલ્લા હાલમાં શ્રીનગર લોકસભા બેઠક પરથી સાંસદ છે. તેઓ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને કેન્દ્ર સરકાર સાથે લાંબા સમય સુધી કામ પણ કર્યું છે. ફારૂકનું વિવાદિત નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પૂર્વી લદ્દાખના વિસ્તારોમાં ભારત અને ચીન વચ્ચે તણાવ છે.

### ગામડાઓને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જયારે સંપત્તિનો રેકોર્ડ હોય ત્યારે, જયારે સંપત્તિ પર અધિકાર મળે છે ત્યારે નાગરિકો આત્મવિશ્વાસ મેળવે છે. જયારે મિલકતની નોંધણી કરવામાં આવે છે, ત્યારે રોકાણની નવા રસ્તા ખુલી જાય છે. જયારે મિલકતની નોંધણી કરવામાં આવે છે, ત્યારે બેંકમાંથી લોન સરળતાથી મળી રહે છે, રોજગાર-સ્વરોજગારના નવા રસ્તા ખૂલે છે. પીએમ મોદીએ પણ આ યોજનાની આવશ્યકતા પણ સમજાવી. તેમણે કહ્યું, "વિશ્વની માત્ર એક તૃતીયાંશ વસ્તી પાસે કાયદેસર રીતે સંપત્તિ ધરાવવાની નોંધ છે. દુનિયાભરના બે તૃતીયાંશ લોકો પાસે આ હક્ક નથી. તેથી ભારત જેવા વિકાસશીલ દેશમાં એ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે લોકો પાસે તેમની સંપત્તિનો સાચો રેકોર્ડ રહે. સ્વામીત્વ યોજનાથી આપણી ગ્રામ પંચાયતોનું પણ પાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની જેમ વ્યવસ્થિત રીતે સંચાલન કરી શકાશે. મોદીએ કહ્યું કે ભારતના ગામડાઓને તેમની સ્થિતિ પર છોડી શકતો નથી. તેમણે કહ્યું, આપણે ત્યાં હંમેશા કહેવામાં આવે છે કે ભારતની આત્મા ગામડામાં રહે છે, પરંતુ સત્ય એ છે કે ભારતના ગામડાઓને તેમની પોતાની સ્થિતિ પર છોડી દેવામાં આવ્યા છે. શૌચાલયો, વીજળીની સમસ્યા ગામડામાં હતી, લાકડાના ચૂલામાં ખાવાનું બનાવવાની મજબૂરી ગામડાઓમાં હતી. જેઓ વર્ષો સુધી સત્તામાં રહ્યા, તેમણે વાતો મોટી મોટી કરી પણ ગામલોકોને તેમના નસીબના આધારે મૂકી દીધા. હું આવું બનવા દઈ શકું નહીં. વડાપ્રધાને વિરોધી પક્ષોને પણ આડે હાથ લીધા હતા. તેમણે કહ્યું કે, ગામડાના લોકોને, ગરીબોને અભાવમાં જ રાખવા એ કેટલાક લોકોના રાજકારણનો આધાર રહ્યો છે. આજકાલ આ લોકોને કૃષિ ક્ષેત્રે થયેલા ઐતિહાસિક સુધારાઓથી પણ મુશ્કેલી પડી રહી છે, તેઓ અંદરથી અકળાઈ ઉઠ્યા છે. તેમનો ગુસ્સો ખેડુતો માટે નહીં પણ પોતાના માટે છે. નાના ખેડુતો, પશુધન ખેડુતો, માછીમારોને ખેડુતોના ક્રેડિટ કાર્ડ મળથા જેમના કાળુ નાણાંનો રસ્તો અવરોધિત થયેલ છે, તેમને આજે મુશ્કેલી પડી રહી છે. ખેડૂતોના બેંક ખાતાઓમાં સીધા રુપિયા પહોંચવા લાગતા તેઓ બેબાકળા બન્યા છે. ખેડૂતો અને ખેત મજૂરને મળી રહેલા વીમા, પેન્શન જેવી સવલતો જેમના માટે મુશ્કેલી સમાન છે. તેઓ આજે કૃષિ સુધારણા બિલના વિરોધમાં છે, પરંતુ ખેડૂત તેમની સાથે જવા તૈયાર નથી, ખેડૂત તેમનું સત્ય છે જાણી ગયા છે. પીએમ મોદીએ કહ્યું, આજે બે મહાન વ્યક્તિઓની જન્મજયંતિ છે. એક ભારત રત્ન લોકનાયક જયપ્રકાશ નારાયણ અને બીજા ભારત રત્ન નાનાજી દેશમુખ. જય પ્રકાશ બાબુએ જ્યારે સંપૂર્ણ ક્રાંતિ માટે આહવાન કર્યું ત્યારે બિહારની ધરતીમાંથી અવાજ આવ્યો, જે સ્વપ્ન જય પ્રકાશજીએ જોયું હતું.

### ટીમ બનાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું કે કેસની તપાસ માટે એજન્સીએ એક ટીમ બનાવવમાં આવી છે. કથિત સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી ૧૯ વર્ષની અનુસૂચિત જાતિની યુવતીનું દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં ૨૯ સપ્ટેમ્બરે મોત થયું હતું. આ કેસમાં યોગી સરકારે સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી. કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી મળ્યા બાદ સીબીઆઈએ હવે તપાસ શરૂ કરી દીધી છે. સીબીઆઈએ કલમ ૩૦૭, કલમ ૩૭૬, અને ૩૦૩ હેઠળ એફઆઈઆર દાખલ કરી છે. નોંધનીય છે કે, અત્યાર સુધી આ કેસની તપાસ સીઆઈટી કરી રહી હતી, પરંતુ હવે આ કેસની તપાસ સીબીઆઈ કરી રહી છે.

### ઘણો સમય લાગે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયારીઓ શા માટે કરવામાં આવી રહી છે? શું આવું માત્ર લોકોમાં ખોટી આશા ઉભી કરવા માટે થઈ રહ્યું છે? જેના પર હર્ષવર્ધનને કહ્યું કે, એવી સંભાવના છે કે વેકસીન ચોક્કસ પ્રમાણમાં સપ્લાય થશે. તેમણે કહ્યું કે ભારત જેવા મોટા દેશમાં પ્રાથમિકતાના આધારે રસીકરણની તૈયારી કરવી જરુરી છે, નહીં કે એક લાઈનથી સૌને રસી આપવામાં આવે. હર્ષવર્ધને કહ્યું કે કોલ્ડ ચેન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી અન્ય બાબતો એટલા માટે સુનિશ્ચિત કરવામાં આવી રહી છે કે જેથી ત્યારે જરુરિયાત પડે તો કોઈ તકલીફ ના પડે. કેન્દ્રીય મંત્રીને એવો પણ સવાલ કરવામાં આવ્યો કે શું તેમના (ડૉ. હર્ષવર્ધન) સંસદીય ક્ષેત્રના લોકોને વેકસીન માટે પ્રાથમિકતા અપાશે? જેના પર તેમણે કહ્યું કે તેઓ દેશના સ્વાસ્થ્ય મંત્રી છે. હર્ષવર્ધને કહ્યું, જ્યારે સ્વાસ્થ્યનો સવાલ હો તો હું સ્પષ્ટતા કરી દઉં કે સરકાર તેના માટે એક પારદર્શી નીતિ બનાવી રહી છે. તેમણે કહ્યું, જેમને વેક્સીનની જરુરિયાત પહેલા હશે, તેમને વેક્સીન પહેલા આપવામાં આવશે પછી તે મારા સંસદીય ક્ષેત્રના હોય કે ના હોય.

### જીવલેણ હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસથી ભૂમાફિયાઓ સાથે વિવાદ ચાલી રહ્યો હતો. ગયા વર્ષે પણ તેમની પર હુમલો થયો હતો. શનિવારે મોડી રાતે આ લોકોએ મંદિરનાં બીજા પૂજારી બાબા સમ્રાટ દાસને ગોળી મારીને ફરાર થઈ ગયા હતા. નોંધનીય છે કે, ગત વર્ષે બાબા સીતારામ દાસ પર પણ ભૂમાફિયાઓએ જીવલેણ હુમલો કર્યો હતો. આ મામલામાં પણ હજી પોલીસ તપાસ કરી રહી છે. આ દરમિયાન અન્ય પૂજારીને પણ ગોળી મારી દીધી છે. શનિવારે રાતે પૂજારીને પહેલા પ્રાથમિક ઉપચાર માટે જિલ્લા હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. જે બાદ કેમને લખનઉમાં રેફર કરાયા છે. એસપી શૈલેશ કુમાર પાંડેયનાં જણાવ્યા પ્રમાણે, બે લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે અને હુમલામાં અન્ય બે લોકોની તપાસ થઈ રહી છે. એસપી પ્રમાણે, પૂજારી સમ્રાટ દાસની હાલત ખતરાથી બહાર છે અને લખનઉમાં તેમની સારવાર ચાલી રહી છે.